# સાન્યા મલ્હોત્રાની 'મિસીસ' મેલબર્ન ફિલ્મ ફેસ્ટિવલમાં



સાનિયા મલ્હોત્રા અભિનીત ફિલ્મ 'મિસીસ'નું ઇન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ ઓફ મેલબર્ન ૨૦૨૪ (આઈએફએફએમ)માં પ્રીમિયર થશે. આ કાર્યક્રમમાં સાનિયા મલ્હોત્રા અને દિગ્દર્શક આરતી કદવ સામેલ થશે. 'મિસીસ' ભારતીય મહિલાઓના જટિલ જીવન પર પ્રકાશ પાડે છે. સાનિયા ફિલ્મમાં ડાન્સર અને ડાન્સ ટીચર હોય છે. લગ્ન બાદ તેને પત્ની તરીકેના પડકારોનો સામનો કરવો પડે છે. વિવાહિત જીવન પર સામાજિક અપેક્ષાઓના દબાણને કારણે થતી સ્ત્રીની વ્યથા દર્શાવવામાં આવી છે. આ ફિલ્મ મલયાલમ ફિલ્મ 'ધ ગ્રેટ ઇન્ડિયન કિચન'ની રિમેક છે. ફિલ્મમાં સાન્યા ઉપરાંત કંવલજીત સિંહ અને નિશાંત દહિયા પણ મુખ્ય ભૂમિકામાં છે. હર્મન બવેજાના નિર્માણગૃહ હેઠળ બનેલી આ ફિલ્મ માટે સાન્યાએ અગાઉ ન્યૂ યૉર્ક ઇન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલમાં શ્રેષ્ઠ અભિનેત્રીનો એવૉર્ડ જીત્યો હતો અને આ જ શ્રેણીમાં ઑસ્ટ્રેલિયાના મેલબર્નમાં આયોજિત ફિલ્મ ફેસ્ટિવલમાં પણ નામાંકન થયું છે. સાન્યાએ આ અંગે જણાવ્યું હતું કે, સામાજિક અપેક્ષાઓના દબાણ વચ્ચે પોતાની જાતને શોધતી મહિલાનું પાત્ર ભજવવામાં મને ઘણું શીખવા મળ્યું છે. આરતી કદવ અને તેની ટીમ સાથે કામ કરવાનો અનુભવ અદ્‌ભુત રહ્યો હતો. ફિલ્મની કથા દરેક એન્ગલથી દર્શકોને પસંદ આવશે અને તેને મળેલી ઉપલબ્ધિ માટે હું ખુશ છું અને નિર્માતાઓની આભારી છું.